બોગસ દસ્તાવેજોનું મસમોટું કૌભાંડ ખૂલ્યું | મુખ્યમંત્રી કાર્યાલય સુધી મામલો પહોંચ્યો

# મહેમદાવાદની બે હાઈસ્કૂલના ટ્રસ્ટીઓ સામે પોલીસ ફરિયાદનો આદેશ કરાયો

**મકાન માલિકને** બદલે પુત્રવધૂ સાથે ખોટો ભાડા કરાર કર્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

મહેમદાવાદમાં કાર્યરત એમ. એમ. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ અને જ્ઞાનજ્યોત હાઈસ્કૂલના સંચાલકો દ્વારા આચરવામાં આવેલી ગંભીર ગેરરીતિઓ બદલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે કડક વલણ અપનાવ્યું છે. શાળાના મકાન ફેરફારની પ્રક્રિયામાં બોગસ દસ્તાવેજો અને ખોટા ભાડા કરાર રજૂ કરવાના આ કૌભાંડમાં ગાંધીનગરથી ખેડા જિલ્લા શિક્ષણાધિકારીને તાત્કાલિક ધોરણે ટ્રસ્ટીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આ કૌભાંડની વિગતો અનુસાર, શાળાના ટ્રસ્ટી અનિલ શુક્લાએ શાળાના મકાન માટે જે જગ્યા રાખી હતી, તેના મૂળ માલિક વિપુલ સોલંકી હોવા છતાં, નિયમોને નેવે મૂકીને પોતાની જ પુત્રવધૂ જ્યોતિ શુક્લાને માલિક દર્શાવી 15 જૂન 2002ના રોજ એક બોગસ ભાડા કરાર તૈયાર કર્યો હતો. એટલું જ નહીં, શાળા માટે ફરજિયાત રમતના મેદાનના નિયમમાંથી છટકવા માટે અન્ય કોઈ મેદાનનો ફોટો મૂકીને શિક્ષણ બોર્ડ પાસેથી મંજૂરી મેળવી લીધી હોવાનું પણ બહાર આવ્યું છે. મૂળ માલિક વિપુલ સોલંકીએ પોતાની મિલકત પચાવી પાડવાના આ ષડયંત્ર સામે વર્ષ 2002 થી 2019 સુધી લાંબી કાનૂની લડત ચલાવી હતી. આ દરમિયાન લડત દબાવવા માટે ટ્રસ્ટીના પત્ની ધારીણી શુક્લા દ્વારા અસામાજિક તત્વો મોકલીને મકાન માલિકને ધાકધમકીઓ અપાઈ હોવાના આક્ષેપો પણ થયા છે.



### તંત્ર દ્વારા એક જ દિવસમાં અહેવાલની માંગણી

સામાજિક કાર્યકર કિર્તનસિંહ રાજપૂત દ્વારા કરવામાં આવેલી રજૂઆતો બાદ શિક્ષણ બોર્ડ સક્રિય થયું છે. મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચેલા આ મામલામાં શિક્ષણ બોર્ડના સચિવે ખેડા DEOને માત્ર એક જ દિવસમાં અહેવાલ રજૂ કરવા કડક સૂચના આપી છે. લાંબા સમયથી ચાલતા આ વિવાદમાં સ્થાનિક અધિકારીઓની ભૂમિકા પણ શંકાના ઘેરામાં છે, ત્યારે હવે ઉપરથી આદેશ છૂટતા કૌભાંડી સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આણંદના વલાસણ કેળવણી મંડળમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

**નવા ટ્રસ્ટીઓની** નિમણૂકમાં વિલંબ અને હિસાબો જાહેર ન કરવા બાબતે સવાલો ઉઠ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદના વલાસણ ખાતે આવેલી ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ સંસ્થામાં એકહથ્થુ શાસન ચલાવીને વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. 'જાગો ગુજરાત અભિયાન' હેઠળ સ્થાનિક જાગૃત નાગરિક જીતેન્દ્રભાઇ ઇનામદારે આ મુદ્દે સવાલ ઉઠાવી સઘન તપાસ કરવાની માંગ કરી છે.

આણંદના વલાસણ કેળવણી મંડળમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રસ્ટના મહેશભાઈ પટેલ દ્વારા પોતાનું એકચક્રી શાસન જાળવી રાખવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ થયા છે. નવા ટ્રસ્ટીઓની નિમણૂક કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં, તેને જાણીજોઈને ટલ્લે ચઢાવવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, શૈક્ષણિક સંસ્થાના હિસાબો પણ જાહેર કરવામાં આવતા નથી, જેના કારણે નાણાકીય ગેરરીતિઓની શંકા વધુ દ્રઢ બની છે.

આ અંગે જીતેન્દ્રભાઇ ઇનામદારે વધુમાં આક્ષેપ કર્યો છે કે, સંસ્થા અને ટ્રસ્ટ પર સત્તાપક્ષના રાજકીય નેતાઓનો પ્રભાવ ઉભો કરવામાં આવે છે. સ્થાનિક સ્તરે આંતરિક મનભેદ ઉભા કરાવીને પોતાનો સ્વાર્થ સાધવામાં આવી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### નિયમિત ઓડિટ થાય છે, સંસ્થામાં કોઇ ખોટું થતું નથી

'વલાસણ કેળવણી મંડળમાં હું 1984થી માનદમંત્રી છું. સંસ્થામાં નિયમિત ઓડિટ થાય છે, નિયમ મુજબ ઇન્કમટેક્સ પણ ભરાય છે. જેના તમામ સર્ટિફિકેટ પણ છે. આ સંસ્થામાં ધો.6થી 12માં 850થી વધુ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. ગ્રામજનો અને એનઆરઆઇ તરફથી દાન પણ મળે છે. હાલ જે ટ્રસ્ટીનું અવસાન થયું છે. તેમની જગ્યા ભરવા તજવીજ ચાલી રહી છે.' **- મહેશભાઈ પટેલ, માનદ મંત્રી, વલાસણ કેળવણી મંડળ, વલાસણ.**

# ઉમરેઠના બેચરી ગામમાં નજીવી બાબતે ધિંગાણુ

**રસ્તા પર** ઉભા રહેવા જેવી ક્ષુલ્લક બાબતે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.8

ઉમરેઠ તાલુકાના બેચરી (વાંટા) ગામે રસ્તા વચ્ચે ઉભા રહેવા જેવી સામાન્ય બાબતે બે જૂથો આમને-સામને આવી જતાં હિંસક અથડામણ સર્જાઈ હતી. આ લોહિયાળ જંગમાં લોખંડની પાઈપો, લાકડીઓ અને ઈંટોના ટુકડા વડે હુમલો કરવામાં આવતા બંને પક્ષના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ઉમરેઠ પોલીસની ફરિયાદમાં ચિરાગકુમાર હસમુખભાઈ ગોહેલે આક્ષેપ કર્યો છે કે તેમને 'રસ્તા વચ્ચે કેમ ઉભો છે.' તેમ કહી ગીરવતસિંહ વિનુભાઇ ગોહેલ અને અન્ય શખ્સોએ હુમલો કર્યો હતો. આ હુમલામાં ચિરાગના પિતા, કાકાના દીકરા રોનક અને અન્ય સભ્યોને લોખંડની પાઈપો અને પથ્થરો વાગવાથી ઈજાઓ થઈ હતી, તેમજ હુમલાખોરોએ ગાડીના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું.

સામાપક્ષે ફરિયાદમાં ગીરવતસિંહના પત્ની રીન્કુબેને જણાવ્યું છે કે, રસ્તા પરથી ગાડી હટાવવાનું કહેવા જેવી સામાન્ય બાબતે ચિરાગ અને તેના સાથીઓએ ઉશ્કેરાઈ જઈ ગિરવતસિંહ, હર્ષિલ અને રાજદિપ પર લાકડી અને ઈંટો વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ગંભીર ધમકીઓ પણ આપી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. હાલમાં ઉમરેઠ પોલીસે બંને પક્ષોના આક્ષેપોને આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધજા ચઢાવવાથી લઈ તુલસી વિવાહ સુધીના લાગામાં સીધો બમણો કે ત્રણ ગણો વધારો

# ડાકોરમાં ઠાકોરજીની પૂજાવિધિ અને મનોરથના દરમાં ભાવવધારો કરાયો

**ટેમ્પલ કમિટીએ** કરેલા ભાવ વધારાથી ભક્તોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં રણછોડરાયજી મંદિરની ટેમ્પલ કમિટી દ્વારા લેવાયેલા એક આકરા નિર્ણયે શ્રદ્ધાળુઓમાં ભારે નારાજગી અને રોષ ફેલાવ્યો છે. ભગવાનના ચરણોમાં માનતા પૂરી કરવા માટે કરવામાં આવતા વિવિધ મનોરથો, ધજા ચઢાવવા કે રાજભોગ ધરાવવા જેવી ધાર્મિક વિધિઓના લાગામાં (ચાર્જમાં) સીધો બમણો કે તેથી વધુ રકમનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.



આ નિર્ણયને કારણે હવે સામાન્ય અને મધ્યમ વર્ગના ભક્તોના ખિસ્સા પર મોટો આર્થિક બોજ પડશે અને ભગવાનના ધામમાં વિધિ કરાવવી શ્રદ્ધાળુઓના ગજા બહારની વાત બની રહી છે.

ડાકોરમાં રણછોડજીના દર્શને રોજબરોજ દેશભરમાંથી હજારો ભક્તો ઉમટી પડે છે. ગરીબોના બેલી ગણાતા રણછોડરાયના ધામમાં વહીવટી તંત્ર દ્વારા કોઈપણ પૂર્વ વિચારણા વગર અચાનક આટલો મોટો ભાવવધારો લાદી દેવાતા સ્થાનિકો અને દર્શનાર્થીમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. સોશિયલ મીડિયા પર પણ મંદિર પ્રશાસન વિરુદ્ધ આક્રોશ ઠાલવવામાં આવી રહ્યો છે. મધ્યમ વર્ગના ભક્તો, જેઓ માંડ બચત કરીને ભગવાનના ઉત્સવો કે પૂજા વિધિનું આયોજન કરતા હોય છે, તેમના માટે આ નિર્ણય અત્યંત આઘાતજનક છે. આ પ્રકારના વધારાને ધાર્મિક પરંપરાઓનું વ્યાપારીકરણ ગણાવી રહ્યા છે અને આ નિર્ણય તત્કાલ પાછો ખેંચવા માંગ ઉઠી છે.

### ધજા ચઢાવવાના દરોમાં મસમોટો ઉછાળો

ડાકોર મંદિરના સોનાના શિખર ઉપર ધજા ચડાવવા માટે ભક્તોએ અગાઉ 610 રૂપિયા ચૂકવવા પડતા હતા, જે હવે વધારીને 2500 રૂપિયા કરી દેવાયા છે. જ્યારે 52 ગજની ધજા, જેનું ધાર્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ છે, તેનો ચાર્જ 2500 રૂપિયાથી વધારીને સીધો 11,000 રૂપિયા કરી દેવામાં આવ્યો છે.

# વીરપુરમાં ધૂમ બાઈકની ટક્કરે વૃદ્ધાનું કરૂણ મોત

**લગ્ન પ્રસંગ** પતાવી વતન જવા વાહનની રાહ જોઈ બેઠેલા વૃદ્ધાને બાઇક ચાલકે અડફેટે લીધા

(પ્રતિનિધિ) વીરપુર તા.8

વીરપુર તાલુકાના કાસમપુરા ગામમાં 62 વર્ષીય વૃદ્ધા રોડ કિનારે છાયામાં બેઠા હતા, ત્યારે પૂરઝડપે આવતી મોટરસાયકલે તેમને જોરદાર ટક્કર મારતા ઈજાગ્રસ્ત વૃદ્ધાનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, ગાંગટા ગામના મુકેશભાઈ હીરાભાઈ બામણીયાના સાસુ ભુરીબેન વજેસિંહ પટેલીયા (ઉં.વ. 62) ગત 6ઠ્ઠી મે,2026ના રોજ કાસમપુરા ગામે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. તેઓ લગ્ન પૂર્ણ થયા બાદ પરત ગાંગટા જવા માટે રતનકુવા ચોકડી પર વાહનની રાહ જોઈ રહ્યા હતા. ભુરીબેન રોડની સાઈડમાં છાયામાં બેઠેલા હતા, ત્યારે વીરપુર તરફથી આવતા પલ્સર મોટરસાયકલ (GJ-35-L-0813) ના ચાલકે તેમને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં ભુરીબેનને માથા, મોઢા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે લુણાવાડાની વિનાયક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે મોડાસાની યુનિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ ઘટના અંગે વીરપુર પોલીસે ફરાર મોટરસાયકલ ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### જડાવબા શિશુ કેન્દ્ર શાળાને રાજ્ય કક્ષાના 'બેસ્ટ ટીચર' અને 'બેસ્ટ સ્ટુડન્ટ' એવોર્ડ એનાયત

**કપડવંજ |** ગુજરાત રાજ્ય ચિત્રકલા સંઘ દ્વારા આયોજિત સ્પર્ધામાં પન્નાબેન પરીખને 'બેસ્ટ ટીચર' અને નિવાન જોષીને 'બેસ્ટ સ્ટુડન્ટ'નો એવોર્ડ એનાયત થયો છે. આણંદ ખાતે યોજાયેલા સમારોહમાં તેમને પ્રતિષ્ઠિત સોમાલાલ શાહ એવોર્ડ, સર્ટિફિકેટ અને મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.





આ ચિત્રકલા સ્પર્ધામાં સંસ્થાના કુલ 177 બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કપડવંજ કેળવણી મંડળ અને શાળા પરિવારે વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### કપડવંજમાં શહેર ભાજપ દ્વારા ભવ્ય વિજયોત્સવ અને આતશબાજી યોજવામાં આવી



**કપડવંજ |** કપડવંજ નગરપાલિકામાં ઐતિહાસિક જીત અને વિવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજયને વધાવવા માટે ગાંધીજીની પ્રતિમા પાસે શહેર ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કાર્યકરોએ ફટાકડા ફોડી આતશબાજીનો કાર્યક્રમ યોજી જીતની ખુશી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ નયનભાઈ પટેલ, મહામંત્રી રાઘવભાઈ દવે સહિત સંગઠનના હોદ્દેદારો અને સક્રિય કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ શહેરમાં બ્રહ્મા કુમારીઝ દ્વારા 'સ્માર્ટ સમર કેમ્પ'નું સફળ આયોજન કરાયું





**આણંદ |** આણંદના પ્રભુસ્મૃતિ કેન્દ્ર ખાતે ૨૯ એપ્રિલથી ૫ મે દરમિયાન બાળકો માટે વિશેષ સ્માર્ટ સમર કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ પ્રવચનો, પ્રેક્ટિકલ સત્રો અને મનોવૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને જીવનમૂલ્યો અને સંકલ્પ શક્તિ અંગે પ્રેરણા અપાઈ હતી. નિષ્ણાતો દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ સકારાત્મક જીવનશૈલી અપનાવે તે દિશામાં મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. બાળકોના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદરૂપ બનેલા આ કેમ્પમાં શાંતિપૂર્ણ જીવન જીવવાની કળા વિશે પણ સમજણ આપવામાં આવી હતી.

### વટાદરાની બી.વી. પટેલ હાઈસ્કૂલનું ધો.12 બોર્ડમાં સો ટકા પરિણામ આવ્યું

**આણંદ |** વટાદરાની બી.વી. પટેલ હાઈસ્કૂલે ધોરણ-12 બોર્ડની પરીક્ષામાં 100% પરિણામ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં જાદવ પરેશભાઈ પ્રથમ અને જયદીપસિંહ મકવાણા દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થઈ ઝળક્યા છે. ગ્રામ્ય વિસ્તારની આ ભવ્ય સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ એક ઉમદા પ્રેરણારૂપ બની છે. આચાર્ય પરેશભાઈ શાહ અને શિક્ષકોએ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.



### નડિયાદમાં મોટિવેશનલ સ્પીકર સંજય રાવલની ઉપસ્થિતિમાં 'માતૃવંદના' કાર્યક્રમ સંપન્ન





**નડિયાદ |** ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ નડિયાદ ઘટક દ્વારા પીપલગની પ્રમુખ સ્વામી સાંસ્કૃતિક વાડી ખાતે માતૃવંદના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે સંજયભાઈ રાવલ, ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને માતૃ સંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નડિયાદ ઘટકના પ્રમુખ અપૂર્વભાઈ પટેલ, અતુલભાઈ પટેલ અને કારોબારી સભ્યોએ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં માતાઓ અને દીકરીઓએ આ વંદના કાર્યક્રમમાં સહભાગી થયાં હતાં.

### નડિયાદના સંતરામ મંદિરમાં ગીતાજ્ઞાન પ્રચાર સત્રમાં 800 બાળકો જોડાયા

**નડિયાદ |** લક્ષ્મણદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે સંતરામ મંદિરમાં 14 દિવસીય 'શ્રી ગીતાજ્ઞાન પ્રચાર સત્ર'નો શુભારંભ કરવામાં આવ્યો છે. વેકેશનમાં બાળકો સમયનો સદુપયોગ કરી બાલ્યાવસ્થાથી જ ધાર્મિક શિક્ષણ મેળવે તેવા ઉમદા હેતુથી આ પ્રવૃત્તિ 90 વર્ષથી અવિરત ચાલે છે.



વિદ્યાર્થીઓને ગીતાના શ્લોક દીઠ રૂ.3થી 5 અને સંપૂર્ણ અધ્યાય બોલવા પર રૂ. 25 સુધીનો પુરસ્કાર ચોપડા અને પેન જેવી સ્ટેશનરી સ્વરૂપે અપાય છે. આજના મોબાઈલના યુગમાં પણ આશરે 800 જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક શ્લોકગાન કર્યું હતું.

### નડિયાદના સંતરામ નેત્ર ચિકિત્સાલય ખાતે નિ:શુલ્ક મલ્ટી સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પ યોજાયો

**નડિયાદ |** સંતરામ મંદિર નડિયાદ અને કેડી હોસ્પિટલ અમદાવાદના સહયોગથી સંતોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા આ કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં યુરોલોજિસ્ટ, કેન્સર અને હાડકા સહિત સાત વિવિધ રોગોના નિષ્ણાત તબીબોએ નડિયાદ અને ખેડા જિલ્લાના દર્દીઓની નિ:શુલ્ક તપાસ કરી હતી. મોંઘી અને ખર્ચાળ સારવાર ન કરાવી શકતા જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે જ મફત તપાસ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ આયોજન કરાયું હતું. મહંત રામદાસજી મહારાજની આજ્ઞાથી યોજાયેલા આ સેવાયજ્ઞમાં મોટી સંખ્યામાં દર્દીઓએ ઉપસ્થિત રહીને આરોગ્ય સેવાનો લાભ લીધો હતો.



### આણંદના જીટોડીયામાં પક્ષીઓ માટે કુંડા અને રાહદારીઓ માટે શરબતનું વિતરણ કરાયું



**આણંદ |** વિમલરત્ન યુવક મંડળ દ્વારા જીટોડીયા રોડ પર પક્ષીઓ માટે 950થી વધુ માટીના કુંડા અને ચણનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં 1100થી વધુ રાહદારીઓને કેરીનું શરબત અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે નોટબુક-પેનનું વિતરણ કરાયું હતું. 'અહિંસા પરમો ધર્મ'ના સંદેશ સાથે યોજાયેલા આ પ્રથમ જીવદયા કાર્યક્રમને સ્થાનિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. આ પ્રસંગે દાતાઓના સહયોગથી આયોજિત આ સેવાકાર્યને આગામી સમયમાં પણ અવિરત ચાલુ રાખવાનો મંડળ દ્વારા સંકલ્પ લેવાયો છે.

### ઉમરેઠમાં 30 કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તોએ લીધો પ્રસાદનો લાભ લીધો



**ઉમરેઠ |** ઉમરેઠ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત 30 કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ઉમરેઠ અને આસપાસના અનેક ગામોના ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે જિલ્લા સંયોજકો અને વિવિધ ગામોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં શ્રદ્ધાપૂર્વક યજ્ઞશાળામાં આહુતિઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકાના નવનિયુક્ત સભ્યો અને સક્રિય કાર્યકર્તાઓનું વિશિષ્ટ બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત 400 જેટલા પરિજનોએ પૂજા-આરતી બાદ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

### સિડનીમાં 'ગરવી ગુજરાત ઓસ્ટ્રેલિયા' દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરાઇ



**આણંદ |** સિડનીમાં વસતા પ્રવાસી ગુજરાતીઓએ 'વિવિધતામાં એકતા'ના મંત્ર સાથે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની અત્યંત ભવ્ય અને હૃદયસ્પર્શી ઉજવણી કરી હતી. આ અવસરે વિવિધ સાંસ્કૃતિક નૃત્યો અને સંગીતે માતૃભૂમિની યાદ તાજી કરી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે વિડિયો સંદેશ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ડેપ્યુટી CGI, સ્થાનિક કાઉન્સિલરો અને વિવિધ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી ગુજરાતી ગૌરવને વધાર્યું હતું.

### નડિયાદના સોમનાથ કેળવણી મંડળ દ્વારા 5 જિલ્લાના આચાર્યો-શિક્ષકો માટે સેમિનાર યોજાયો

**નડિયાદ |** સોમનાથ કેળવણી મંડળ, નડિયાદ દ્વારા સંચાલિત પાંચ જિલ્લાની શાળાઓના આચાર્યો અને શિક્ષકો માટે 'સજ્જતા અને જવાબદારી' વિષય પર પ્રેરણાદાયી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી દિગ્વિજયસિંહ અને શક્તિવિજયસિંહની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્ય વક્તા ફ્રાન્સિક ડાર્યસા, અનિલ ક્રિસ્ટી અને રાજુભાઈ પટેલે શિક્ષણલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વક્તાઓ દ્વારા શિક્ષકોને તેમની જવાબદારીઓ અને શૈક્ષણિક કૌશલ્યો વિશે ઉંડાણપૂર્વકની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા યશપાલસિંહ રાઉલજી, અરુણભાઈ પઠારે અને રાજેશભાઈ મેકવાન દ્વારા સુચારુ રીતે કરવામાં આવી હતી.

